





બેંક યુનિયન ફોરમે તેના અધિકૃત યુનિયનો ઓલ ઈન્ડિયન બેંક અમ્પ્લોઈઝ યુનિયન એસોસિએશન ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કન્ફેડરેશન, નેશનલ કન્ફેડરેશન ઓફ બેંક એમ્પ્લોઈઝ અને અન્યોના સભ્યોને ફોર્મ દ્વારા ઉઠવાયેલ મુદ્દા અને માંગણીઓ સંદર્ભે તા. ૨૨, ૨૩ ઓગષ્ટે દેશભરની બેંકમાં હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું. કંપનીઓના બેંક વ્યવહાર ઠપ્પ થઈ જતાં ઉદ્યોગોને બહુ અસર થઈ હતી. આ અંગે અનુસંધાને સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર તથા સમગ્ર જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેંકોએ પોતાના કામકાજ બંધ રાખી હડતાળમાં જોડાઈ હતી.

## અંબાજી નજીક કમનસીબ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારા યાત્રિકો પ્રત્યે મુખ્યમંત્રીની ઊંડી સંવેદના

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંબાજી નજીક આજે બપોર બાદ સર્જાયેલી માર્ગ અકસ્માતની કરૂણ દુર્ઘટનાનો ભોગ બનેલા પરિવારો પ્રત્યે સાંત્વના પાઠવી છે અને આ કમનસીબ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારા પ્રત્યેક વ્યક્તિના પરિવારને મુખ્યમંત્રી રાહત નિધિમાંથી રૂ. એક લાખની સહાય આપવાના આદેશો કર્યાં છે.

## અંબાજી-ગબ્બર નજીક થયેલી ગમખ્વાર માર્ગ દુર્ઘટના અંગે દિલસોજી વ્યક્ત કરતાં રાજ્યપાલશ્રી

અંબાજી-ગબ્બર નજીક થયેલ ગમખ્વાર માર્ગ દુર્ઘટનામાં શ્રદ્ધાળુઓના થયેલા નિધન અંગે ગુજરાતના રાજ્યપાલશ્રી ડૉ. શ્રીમતી કમલાજીએ ઊંડી દિલસોજી વ્યક્ત કરી છે અને મૃતકોના પરિવારજનો પ્રત્યે સાંત્વના વ્યક્ત કરી છે. દુર્ઘટનાના ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી અભ્યર્થના પણ તેમણે વ્યક્ત કરી છે.



## કાંકરેજ તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં ક્યો ગ્રહ નડી રહ્યો છે

કાંકરેજ તાલુકામાં આ સાલે વરસાદે વેર બાંધી કિસાનપૂત્રોને અડદામૂવા કરી નાખ્યા છે. કારણ કે તેઓને આશા હતી કે વરસાદ ટાઈમસર થશે અને ચોમાસુ પાછળ સારો થશે પણ તેવાં ધરતીપૂત્રોના સ્વપ્રોને કુદરતે ધૂળધાણી કરી નાંખી. ખેડૂતો તેમજ પશુપાલકોની પરિસ્થિતિ બગાડી નાંખી. જે પશુ માલિકો વરસાદના વરસતાં કાંકરેજ તાલુકામાં પોતાના પશુઓને લઈ ઠેર ઠેર ભટકતા દેખાઈ રહ્યા છે. એક બાજુ સરકારશ્રી પશુઓને ઘાસચારો, ખેડૂતોને પીયત માટે પાણી વિગેરેની જાહેરાતો થઈ રહી પણ આતો ભ્મી કાગળ ઉપર વિકાસની વાતો. કારણ કે એક બાજું વણથંભી વિકાસ યાત્રાની ગાથા ગવાઈ રહી છે ત્યારે પોતાના પશુઓને કઈ રીતે બચાવવા તેવી વેદનાઓ સાથે ખેડૂતો પશુધન સાથે ભટકી રહ્યાં છે. (તસવીર : રામજીભાઈ રાયગોર, કાંકરેજ)

# ઊંઝા નજીક ટ્રેક્ટર અને ડમ્પર વચ્ચે અકસ્માત : એકનું મોત

ઊંઝા, તા. ૨૨

પાટણ જિલ્લાના સમી તાલુકામાંથી ટ્રેક્ટરમાં જીરૂ ભરીને ઊંઝા માર્કેટયાર્ડમાં વેચાણઅર્થે આવી રહેલ કેટલાક ખેડૂતોના ટ્રેક્ટરને ઊંઝા નજીક ડમ્પરે ટક્કર મારતાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થઈ હતી. જે પૈકી બે ની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળેલ છે.

વિગત એવી છે કે, પાટણ જિલ્લાના સમી તાલુકાના સોનાર ગામના કેટલાક ખેડૂતવર્ગના માણસો ટ્રેક્ટર નં. જીજે-૮-ડી-૬૧૭૮માં જીરૂ ભરીને વેચવા માટે ઊંઝા માર્કેટયાર્ડમાં આવી રહ્યા હતા ત્યારે આજે સવારે સાડા આઠ વાગ્યાના સુમારે ઊંઝા નજીક પાટણ રોડ પર પાછળથી પુરઝડપે આવી રહેલ ડમ્પર નંબર જીજે-૧૮-એયુ-૯૮૦૦ એ ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારી હતી. જેથી જીરૂ ભરેલ ટ્રોલી સહિત ટ્રેક્ટર પલટી ખાઈ જતાં ટ્રેક્ટર પર બેઠેલ ખેડૂતો પૈકી ગોવિંદભાઈ ભાવાભાઈ પટેલ ઉં.વ. ૩૨ રહે. સોનાર તા. પાટણનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે રામાભાઈ ભગાભાઈ પટેલ, રતાભાઈ આબાભાઈ પટેલ અને લાલાભાઈ સવાભાઈ પટેલને ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં બેની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળેલ છે.

આ ગોઝારા અકસ્માતમાં ખેડૂતવર્ગના યુવાન વ્યક્તિનું કરૂણ મોત નિપજતાં આ વિસ્તારમાં અરેરાટી ફેલાઈ છે. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ડમ્પર ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ડીસામાં રાજસ્થાનનો વેપારી લુંટાયો

## રોકડ અને ડાયમંડ ભરેલ સુટ-કેસની ઉઠાંતરી

ડીસા, તા. ૨૨

ડીસા શહેરના ફુવારા સર્કલ પાસે નાસ્તો કર્યા બાદ પાણી પી રહેલા રાજસ્થાનના વેપારીનુ સુટકેસ લઈ કોઈ ગઠીયો પલાયન થઈ જતાં દોડધામ મચી જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ રાજસ્થાનના ભિન્નમાલ ખાતે રહેતા કનૈયાલાલ મનસુખજી સોની અમેરીકન ડાયમંડનો વેપાર કરે છે. તેઓ વેપાર અર્થે બુધવારે ડીસા આવ્યા હતા અને સોની બજારમાંથી ઉઘરાણુ પતાવી નિકળ્યા હતા ત્યારે ફુવારા સર્કલ પાસે આવેલી નાસ્તાની લારી પર નાસ્તો કરવા માટે ગયેલ ત્યારે નાસ્તો કર્યા બાદ પાણી પીવા ગયેલ ત્યારે ત્યાં પડેલ સુટકેસ જેમાં રૂ. ૫૦,૦૦૦ રોકડ અને અંદાજે ૨ લાખના અમેરિકન ડાયમંડ હતા તે સુટકેસ ઉઠાવી કોઈ ગઠીયો પલવારમાં પલાયન થઈ ગયો હતો.

આ બાબતની જાણ થતાં જ કનૈયાલાલ સોનીએ હોહા મચાવી મુક્યો હતો. આ બાબતે તેણે ડીસા શહેર પોલીસમથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# હિંમતનગર તાલુકાના હડીયોલ ખાતે આધુનિક મેડીકલ કોલેજનું નિર્માણ થશે

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લામાં આરોગ્ય સેવાઓને વધુ સુદૃઢ બનાવવા માટે જિલ્લામાં રૂપિયા ૪૦૦ કરોડના ખર્ચે હિંમતનગર તાલુકાના હડીયોલ ગામે મેડીકલ કોલેજ તથા ટ્રોમા સેન્ટરની નિર્માણની કામગીરી આગામી સમયમાં હાથ ધરવામાં આવશે. જે હડીયોલ ગામ માટે, તાલુકા માટે તેમજ જિલ્લા માટે ગૌરવની બાબત છે, જે સ્થળે મેડીકલ કોલેજનું નિર્માણ થનાર છે તે સ્થળેથી સંપાદિત કરવામાં આવેલી જમીનના માલિકો માટે વિકલ્પીક પુનઃ વસવાટની વૈકલ્પિક વ્યવસ્થા માટે જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે.

જેમાં લાભાર્થીઓને આવાસ માટે પ્લોટની ટૂંક સમયમાં જુના ગામ તળમાં ફાળવણી કરવામાં આવશે એમ જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીની સંયુકત યાદીમાં જણાવાયું છે.

# ચિત્રોડી ગામે ઢોર ચરાવવા બાબતે હિંસક હુમલો

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ચિત્રોડી ગામની સીમમાં ઢોર ચરાવવા બાબતે જાતિ અપમાનિત શબ્દો બોલી એક વ્યક્તિને માર માર્યો હતો. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ચિત્રોડી ગામની સીમમાં ગત રોજ સવારે ખરાબાવાળી જમીનમાં ઢોર ચરાવતા હતા ત્યારે ગુજરાભાઈ લુંબરીયાને આગીયા ગામના પવનસિંહ પ્રદિપસિંહ દરબાર (રાઠોડ) સંજયસિંહ હરીપ્રસાદસિંહ દરબાર (રાઠોડ) અહીયા કેમ ઢોર ચરાવો છો. ડોસા સુધર્યા નહી. તેમજ જાતિ પ્રત્યે અપમાનિત શબ્દો તેમજ ગાળો બોલી કુહાડી અને લાકડીથી માર મારતા ઈજાગ્રસ્ત ગુજરાભાઈને ખેડબ્રહ્મા સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે સવજીભાઈ ગુજરાભાઈ લુંબરીયાએ ખેડબ્રહ્મા પોલીસમથકે એટ્રોસીટીની ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

| જમીન સંપાદન અધિનિયમ સને ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો) | | | |
|---|---|---|---|
| **કલમ-૬ જાહેરનામા પ્રસિદ્ધિની વિગત** | | | |
| જિલ્લો : મહેસાણા | તાલુકો : કડી | | ગામ : જમીયતપુરા |
| ક્રમાંક | ગામ | તારીખ | કેસ નંબર |
| ખાજસંઅ/કલમ-૬/કડી-૧/૯૬/૧૨ | જમીયતપુરા | ૧૪/૮/૨૦૧૨ | ૫૨/૨૦૦૯ |
| **કલમ-૪ જાહેરનામા પ્રસિદ્ધિની વિગત** | | | |
| ક્રમાંક | ગામ | તારીખ | કેસ નંબર |
| ખાજસંઅ/કલમ-૪/કડી-૧/૭૫/૧૨ | જમીયતપુરા | ૧૨/૬/૨૦૧૨ | ૫૨/૨૦૦૯ |

જમીન સંપાદન ધારાની કલમ-૫૨ (એ) અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, (નર્મદા યોજના), કડી-૧, કડી, જી. મહેસાણાને જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫ (ક)ની પેટા કલમ (૨) મુજબના અહેવાલને વિચારણામાં લીધા બાદ એવી ખાતરી થઈ છે કે, હિત સંબંધ ધરાવતા ઈસમો તરફથી કોઈ વાંધો લેવામાં આવેલ નથી અને ઉક્ત જમીનો આ સાથેની અનુસુચિમાં દર્શાવેલા સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૬ની જોગવાઈઓ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીનો આ સાથેની અનુસુચિમાં દર્શાવેલા સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

તા. ૨૬-૮-૨૦૧૦ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : ધમ/૧૦/૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ.૧ સાથે વાંચતા જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ-૩ના ખંડ-(ગ) હેઠળ સરકારશ્રીએ સદરહુ જમીનોના સંબંધમાં હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં સદરહુ અધિનિયમની કલમ-૫ (ક) હેઠળના કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, (ન.યો.), કડી-૧, નર્મદા વસાહત, નાની કડી રોડ, કડી, જિ. મહેસાણાને નીમેલ છે અને ઉક્ત જમીનોના સંપાદન માટેના હુકમ કરવા પણ અધિનિયમની કલમ-૭ અન્વયે ફરમાવવામાં આવેલ છે.

**અનુસૂચિ-૧**

**વળતર કેસ નંબર : ૫૨/૨૦૦૯**

**જિલ્લો : મહેસાણા** **તાલુકો : કડી** **ગામ : જમીયતપુરા**

**ભાગ - (કોલમ-૧)**

| સર્વે નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ (હેઆરેચોમી) | સર્વે નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ (હેઆરેચોમી) | જે માટે જમીનો જરૂરી હોય તે સાર્વજનિક હેતુ |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૨ | ૩ | ૪ |
| ૧૬ | ૦.૦૩.૧૧ | ૪૮/૧/ક.પૈ.૧ | ૦.૦૦.૧૩ | સરદાર સરોવર |
| ૨૭/૧ | ૦.૦૬.૪૬ | ૫૫/૨ | ૦.૦૫.૭૯ | નર્મદા નિગમ લિ., |
| ૨૭/૨ | ૦.૦૭.૬૪ | ૫૫/૧ | ૦.૦૬.૮૩ | હસ્તકની નર્મદા |
| ૨૭/૨ પૈ | ૦.૦૮.૯૭ | ૫૬ | ૦.૦૪.૨૩ | યોજનાની |
| ૧૮/૧ પૈ.૧ | ૦.૦૧.૩૮ | ૬૦/૧ | ૦.૧૩.૭૧ | નરસિંગપુરા |
| ૨૦ | ૦.૧૫.૪૭ | ૬૧/બ | ૦.૦૧.૪૦ | શાખાની કલ્યાણપુરા |
| ૧૯ પૈ. | ૦.૨૧.૭૦ | ૬૧/અ | ૦.૧૬.૨૦ | ડીસ્ટ્રીબ્યુટરીની |
| ૪૬ | ૦.૧૫.૩૬ | ૬૨/૨ પૈ.૧ | ૦.૦૨.૧૮ | (RD-1) જેસંગપુર |
| ૪૮/૧/ડ પૈ.૧ | ૦.૧૦.૧૫ | ૬૨/૨ પૈ.૨ | ૦.૦૮.૨૪ | માઈનોર |
| ૪૮/૧/ડ પૈ.૧ | ૦.૦૨.૦૧ | ૭૨ | ૦.૦૮.૨૪ | નહેરના બાંધકામ |
| ૫૫/૩ | ૦.૦૧.૮૭ | | | માટે |
| | | કુલ-૨૧ | ૧.૭૦.૦૪ | |

**(પંકજ જે. વ્યાસ)**
**નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી**
**(ન.યો.) કડી-૧, કડી, જિ. મહેસાણા**

**ક્રમાંકઃનામાનિ/મહે/૨૦૬/૨૦૧૨-૧૩**

## 'વિજય વિશ્વાસ યુવા સંમેલન' ૨૩ ઓગસ્ટે દહેગામ, મોરબી, બોરસદમાં યોજાશે

ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદિપસિંહ વાઘેલા અને મહામંત્રી શ્રી હિતેશ પટેલે જણાવ્યું છે કે ગુજરાત વિધાનસભાની આવી રહેલી ચૂંટણીમાં ગુજરાતના યુવા મતદારો યુવા સ્વપ્નાને સાકાર કરનાર મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પડખે ઉભા રહી જુઠ્ઠાણાનો પર્યાય બનેલી કોંગ્રેસને સમગ્ર ગુજરાતમાંથી નેસ્તનાબુદ કરી દેશે તેવું વાતાવરણ સમગ્ર રાજયમાં યુવા ભાજપે પ્રારંભ કરેલા 'યુવા વિશ્વાસ સંમેલન'ને મળી રહેલા પ્રતિસાદથી નિર્માણ થઈ રહ્યુંછે.

# તલોદમાં સ્કૂલના વિદ્યાર્થીની ટ્રેન નીચે આવી આત્મહત્યા

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના તલોદમાં બુધવારના રોજ સવારે સાત વાગેના સુમારે સી.ડી. પટેલ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીએ રેલવેમાં પડી આત્મહત્યા કરી લેતા તલોદના ડભોડા રેલવે પોલીસના એએસઆઈ અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ બાયડના લીમ્બ ગામનો અને તલોદની સી.ડી. પટેલ હાઈસ્કૂલમાં ધોરણ-૧૧ સાયન્સમાં અભ્યાસ કરતો અને ત્યાં હોસ્ટેલમાં રહેતા ૧૬ વર્ષીય વીરપાલસિંહ મહોબ્બતસિંહ ચૌહાણ કોઈ અગમ્ય કારણોસર બુધવારના રોજ વહેલી સવારે ૭ વાગેના સુમારે તલોદ રેલવે સ્ટેશન નજીક હિંમતનગરથી અમદાવાદ જઈ રહેલ ૫૨૯૨૧ નંબરની રેલવે ગાડી આગળ પડતું મુકતા વીરપાલસિંહના ટુકડા થઈ ગયા હતા. ડભોડા રેલવે પોલીસના એ.એસ. આઈ. સોમાજી રામાજીને જાણ થતા સ્થળ પર પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે મૃતક વીરપાલસિંહ ચૌહાણના પિતાજીને જાણ કરતા તલોદ રેલવે સ્ટેશન આવી ગયા હતા. મૃતદેહને તલોદ સિવિલમાં પોસ્ટમોર્ટમ માટે લઈ ગયા હતા.

ટચૂકડી જાહેર ખબર

**વેચવાનું છે**

મિની હાઈવા ૨૦૦૭ અને ડમ્પર - ૨૦૧૨ વેચવાનું છે. જોઈએ છે - માણસ

**મો. : ૯૪૨૮૭ ૩૪૧૨૬**

**સાબરકાંઠા પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર**

**જાહેર નિવિદા નં.૫/૨૦૧૨/૨૦૧૩નો સુધારો-૧**

અ.નં.૯ અને ૧૦ના કામ સારૂ

**જાહેર નિવિદા નં. ૮/૨૦૧૨-૧૩નો સુધારો-૧**

અ.નં.૧ના કામ સારૂ

સંદેશ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૨૧/૮/૨૦૧૨ થી ૨૩/૮/૨૦૧૨ |
| ઈજારદારશ્રીઓએ ઓન લાઈન ડાઉનલોડ કરવાની તારીખ | ૨૪/૮/૨૦૧૨ થી ૩૦/૮/૨૦૧૨ |
| બાનાની રકમ ટેન્ડર ફી બેંક સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ | ૩૦/૮/૨૦૧૨ થી ૬/૯/૨૦૧૨ |
| પ્રાઈસ બીડ ખોલવાની તારીખ | ૩૧/૮/૨૦૧૨ |

વિગતવાર નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓન લાઈન ટેન્ડરો www.nrpocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મૂળ વિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

**ક્રમાંક ના.માનિ/હિંમત/૨૮૫/૨૦૧૨** **કાર્યપાલક ઈજનેર**

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

**મધુર ડેરી, સેક્ટર-૨૫, "ક" રોડ, ગાંધીનગર**

મધુર ડેરી, ગાંધીનગરની સંઘ સંયોજિત દૂધ મંડળીઓના મકાનોને કલર કામ કરવાનું હોવાથી આ કામના અનુભવી તેમજ રસ ધરાવતી પાર્ટીઓએ ઓફીસ સમય દરમિયાન કામગીરીની રૂબરૂ માહિતી મેળવીને નિયત નમૂના મુજબના ફોર્મમાં પ્રતિ ચોરસફૂટના પોતાના ભાવ / ઓફર તા. ૩૧/૮/૨૦૧૨ સમય ૧૫-૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં કવર ઉપર "દૂધ મંડળીના મકાનોને રંગ રોગાન કરાવવાના ભાવ/ઓફર" લખી સંઘની ઓફીસે પહોંચાડવાની રહેશે. આ ઓફરો સ્વીકારવી કે નહિ તેનો અબાધિત અધિકાર સંસ્થાના મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

**મેનેજીંગ ડિરેક્ટરશ્રી**

**જાહેર નિવિદા**

**વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા અંગે**

મહેસૂલ વિભાગ હસ્તકની મહેસૂલ તપાસણી કમિશનર, ગુજરાત રાજ્ય, ૧૧, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરની કચેરીમાં વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે તા. ૭/૯/૨૦૧૨ સુધીમાં મહેસૂલ તપાસણી કમિશનર, ગુજરાત રાજ્યની કચેરી, ૧૧ સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરની ખાતેથી અરજી સાથે રૂ. ૧૦૦૦/- "૦૦૭૦-૦૦-૮૦૦ અન્ય વહીવટી સેવાઓ" (ટેન્ડર ફી / પરત નહિ ચૂકવવાપાત્ર) સદરે સરકારી તીજોરીમાં ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી રૂબરૂમાં મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૧૦/૯/૨૦૧૨ના રોજ ૧૫-૩૦ કલાકે મહેસૂલ તપાસણી કમિશનરની કચેરી, ૧૧, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરની કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૨૧/૯/૨૦૧૨ના રોજ ૧૭-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાનો રહેશે.

**સ્થળ : ગાંધીનગર** **સહી/-**
**તારીખ : ૨૦/૮/૨૦૧૨** **નાયબ કલેક્ટર (તપાસણી)**
**માહિતી/૧૧૧૮/૧૨-૧૩** **ગાંધીનગર**

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧